ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં શાક કરતાં ફળો સસ્તા

## કેરી, કેળા, નાસપતી, પેરૂ, પપૈયુ, રાસબરી જેવા ફળોના ઢગ ખડકાયા : શાકભાજી વધુ મોંઘી થતી ચાલી

ગાંધીનગર, તા. ૭

ચોમાસુ જામતા જ શહેરમાં ઠેરઠેર જાતભાતના ફળો ભરેલી લારીઓ જોવા મળી રહી છે. કેરી, કેળા, પેરૂ, ખારેક, રાસબરી જેવા ફળો શાકભાજી કરતા પણ સસ્તા દામે મળી રહ્યા હોવાથી વસાહતીઓ હોંશે હોંશે તેની ખરીદી કરી રહ્યા છે.

ચોમાસાના પ્રારંભે જ અવનવા ફળોનું બજારમાં



આગમન થઈ ગયું છે. ખાસ આ સીઝનની શરૂઆતમાં જ આવતા ફળો બજારોમાં મળી રહ્યા છે. જાંબુ અને રાયણા જેવા ફળો તો છેલ્લા પંદર દિવસથી બજારોમાં જોવા મળી રહ્યા છે. તેમાં લાલ-પીળી કચ્છી ખારેકનો ઉમેરો ચાર-પાંચ દિવસથી થયો છે. કેરીની સીઝન હજુ પણ ચાલુ છે અને તલાલાની કેસર કેરીની સીઝન પૂર્ણ થયા બાદ આજકાલ બજારોમાં કચ્છની કેસર કેરી તથા દિલ્હીની લંગડો કેરી બજારોમાં જોવા મળી રહી છે. લંગડો કેરીના ચાહકો પણ ખુબ છે. રંગ જોઈને જ ખાવાનું મન થઈ જાય તેવી લાલચટ્ટક-મરૂન રંગની ખટ્ટમીઠ્ઠી રાસબરી પણ બજારમાં આવી છે. પેરૂ અને નાસપતિની સીઝન હજુ હવે શરૂ થઈ રહી છે. તેમ છતાં તેના ભાવો ઉંચા નથી. કેળા અને પપૈયા પણ બજારોમાં ખુબ દેખાઈ રહ્યા છે. ફળોની સીઝન શરૂ થતા જ બજારોમાં તેનો માલ ઠલવાઈ રહ્યો છે. લારીઓ ફળોથી ઉભરાઈ રહી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આજકાલ વધેલા શાકભાજીના ભાવો કરતા આ ફળોના ભાવો ઓછા છે. મોટાભાગની શાકભાજીનો ભાવ ૬૦ થી ૮૦ રૂ. કિલો ચાલી રહ્યો છે. તેની સામે કચ્છી કેસર અને લંગડો કેરી ૪૦ થી ૫૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહી છે. કેળા ૩૦ થી ૪૦ રૂ. ડઝનના ભાવે વેચાઈ રહ્યા છે. જ્યારે નાસપતિ ૫૦ રૂ. અને પેરૂ ૮૦ રૂ. કિલોના ભાવે મળી રહ્યા છે. પપૈયાનો ભાવ ૩૦ રૂ. કિલો છે તો ખારેક ૫૦ રૂ. કિલો મળી રહી છે. હજુ તો સીઝનની શરૂઆતમાં જ સારી ગુણવત્તાના ફળો વાજબી ભાવે મળી રહ્યા છે તો આગામી દિવસો તેના ભાવો વધુ ઓછા થવાની શક્યતાઓ છે. જ્યારે શાકભાજીના ભાવો છેલ્લા ત્રણ અઠવાડિયાથી સતત વધતા રહેતા વસાહતીઓ હવે ફળોની ખરીદી કરતા વધુ નજરે ચઢી રહ્યા છે.

### ટામેટા રૂ. ૮૦ કિલો

શાકભાજીના ભાવો સાંભળીને ગૃહિણીઓને ચક્કર આવી જાય છે. મોટા ભાગે દરેક શાક-દાળમાં નંખાતા ટામેટાનો ભાવ ૬૦ થી ૮૦ રૂ. સુધી પહોંચી ગયો છે. જ્યારે કોથમીર, આદુ, મરચાનો ભાવ પણ આસમાને છે. શાકભાજીના આસમાને પહોંચેલા ભાવોએ રસોઈનો સ્વાદ બગાડી નાંખ્યો છે. ઘરમાં ચાર-પાંચ સભ્યો હોય તો દિવસની ૧૦૦ રૂ. શાકભાજી થઈ જાય છે. વળી તેમાં નાંખવાના મસાલા આદુ, કોથમીર અને ટામેટાના ભાવો પણ ખુબ ઉંચા જતાં ગૃહિણીઓએ તેનો ઉપયોગ સાવ સિમિત કરી નાંખ્યો છે. છુટક વેપારીઓ ૬૦ થી ૮૦ રૂ. કિલોના ભાવે ટામેટા વેચી રહ્યા છે. તેનો ઉપયોગ ઓછો થતાં ભોજનનો સ્વાદ બગડી રહ્યો છે.

# જગન્નાથજીની રથયાત્રાના હેતે ઓવરણા લેવા નગરજનો ઉત્સુક

## અષાઢી બીજે સવારે ૭-૦૦ કલાકે ધામધૂમપૂર્વક રથયાત્રાનું પ્રયાણ થશે : ૧ હાથી, ઘોડાની બગી સહીત ૬૦ વાહનો જોડાશે : ૨ હજાર કીલો કાકડી-મગના પ્રસાદનું વિતરણ કરાશે : સમિતિએ રથયાત્રા મહોત્સવની વેબસાઈટ તૈયાર કરી

ગાંધીનગર, તા.૭

ભગવાન જગન્નાથજીની રથયાત્રાના ઓવારણા લેવા ભાવિકો ઉત્સુક બન્યા છે. આગામી ૧૦ જુલાઈના રોજ જગન્નાથજીની ૨૯મી રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી પ્રયાણ કરશે. ૧ હાથી, ઘોડાની બગી સહિત વિવિધ ૬૦ જેટલા વાહનો સાથે યાત્રા ધામધૂમપૂર્વક સેકટરોમાં ભાવિકોના દર્શનાર્થે નીકળશે. રથયાત્રા દરમિયાન ભજન મંડળીની સંગતમાં ડી.જે.નું સંગીત સંભળાશે. જો કે કોઈ ફીલ્મી ટયુન કે ગીતો વગાડવામાં આવશે નહીં. આ વર્ષે રથયાત્રા સમિતિ દ્વારા રથયાત્રા મહોત્સવને અનુલક્ષી એક વેબસાઈટ પણ તૈયાર કરવામાં આવી છે. જેમાં રથયાત્રાની ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી પણ નિહાળી શકાશે.

જય રણછોડ..માખણચોરના જયઘોષ વચ્ચે સેકટરોમાંથી પસાર થનારી ભગવાન જગન્નાથજીની યાત્રાને વધાવવા સેકટરવાસીઓમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે. રથયાત્રા મહોત્સવને હવે માત્ર બે જ દિવસ આડા રહ્યા હોવાથી રથયાત્રા સમિતિ દ્વારા પણ મોટાભાગની તૈયારી કરી દેવાઈ છે. ભગવાનની ૨૯મી રથયાત્રા અંગે રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રી તેમજ મંત્રી



ડૉ. દિનેશ કાપડીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે રથયાત્રા મહોત્સવને અનુલક્ષી સમિતિ દ્વારા વિશેષ વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. ગુજરાતીમાં તૈયાર કરાયેલી આ વેબસાઈટમાં અગાઉના વર્ષોની યાત્રાના ફોટો તેમજ વિડીયોગ્રાફી પણ મુકવામાં આવીછે. આ ઉપરાંત સમિતિના સભ્યોના નામ સહીતની જરુરી વિગતો તેમજ સેટેલાઈટ પિકચરથી રથયાત્રાનો રૂટ દર્શાવાયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વેબસાઈટના માધ્યમથી આમ નાગરિકો પોતાના મંતવ્યો પણ રજૂ કરી શકશે. www.rathyatra mahotsavgandhinagar.org પરથી સાઈટ ખોલી શકાશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભગવાનની રથયાત્રા તા. ૧૦ જુલાઈના રોજ સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી પ્રયાણ કરશે. રથયાત્રામાં ૧ હાથી, ઘોડાની બગી, ૬ ઉંટલારી સહિત ૬૦ જેટલા વાહનો જોડાશે. સેકટરે સેકટરે સ્વૈચ્છિક સંસ્થાઓ, વેપારી મંડળો તેમજ સેકટરવાસીઓ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. રથયાત્રા દરમિયાન ભાવિકોને કાકડી-મગ અને જાંબુના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. આ અન્વયે શાકભાજી એસોસિએશન દ્વારા ૧ હજાર કીલો કાકડી અને હજાર કીલો મગની વ્યવસ્થા કરવામાં આવી છે.જયારે સચિવાલય કર્મચારી એસોસિએશન દ્વારા પણ જાંબુ પુરા પાડવામાં આવશે. બપોરે સે-૨૯ જલારામ ધામ ખાતે ભગવાનના મોસાળમાં ૪ હજાર ભાવિકોને ખીચડી-શાક અને મોહનથાળનો પ્રસાદ પિરસવામાં આવશે. ૩૧ કી.મી.ના રૂટ પર ભગવાનનો રથ પંચદેવ મંદિરના યુવકો ખેંચશે. પંચદેવ મંદિર ખાતે ભગવાનના રથને પણ વિશેષ રીતે સુશોભિત કરવામાં આવ્યો છે.

# બિહાર બ્લાસ્ટના પગલે ધાર્મિક સ્થળો પર સુરક્ષા વધારાઈ

## અમદાવાદમાં એલર્ટ : શહેરમાં વાહનોનું સઘન ચેકીંગ શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૭

બિહારના બોધગયામાં થયેલા બોંબ ધડાકાની ઘટનાને પગલે સાવચેતીના પગલારૂપે અમદાવાદ સહીત રાજ્યમાં આવેલ મહત્વના ધાર્મિક સ્થળો અને ભીડવાળી જગ્યાઓએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અમદાવાદમાં એલર્ટ આપવામાં આવી છે.

બિહારના બોધયા ખાતે એક ધાર્મિક સ્થળ સીરીયલ બોંબબ્લાસ્ટની ઘટનાથી સમગ્ર બિહાર હચમચી ઉઠ્યું હતું. સીરીયલ બોંબ બ્લાસ્ટની ઘટનાને ધ્યાને રાખીને ગુજરાતમાં સાવચેતીના પગલારૂપે ગુજરાત પોલીસે સઘન સુરક્ષા વ્યસ્થા ગોઠવીને મહત્વના એવા અમદાવાદ શહેરને એલર્ટ કરવામાં આવ્યા છે.

સમગ્ર અમદાવાદ શહેરમાં પ્રવેશવાના અને બહાર નીકળવાના માર્ગો પર પોલીસ દ્વારા સઘન વાહન ચેકીંગ શરૂ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં આવેલ સુપ્રસિદ્ધ જગન્નાથજી મંદિર ખાતે સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

અમદાવાદ ઉપરાંત અંબાજી અને સુપ્રસિદ્ધ સોમનાથ મંદિર ખાતે પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજ્યના મહત્વના શહેરમાં પોલીસ દ્વારા સઘન વાહનો ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.ટી. બસ સ્ટેશનો અને રેલવે સ્ટેશનો પર પણ સુરક્ષા વધારી દઈને ત્યાં પણ સઘન ચેકીંગ શરૂ કરવામાં આવ્યા છે.

બિહારમાં બોધગયાના ધાર્મિક સ્થળે થયેલા સિરિયલ બોંબ બ્લાસ્ટની ઘટનાને પગલે પાટનગર ગાંધીનગર ખાતે આવેલ અક્ષરધામ મંદિરમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે.



# ચૂંટણી ફરજ માટે ગુજરાતમાંથી વધુ નામ નહીં મોકલાવાય

ગાંધીનગર, તા. ૭

દેશના અન્ય રાજ્યોમાં ગુજરાતમાંથી ચૂંટણી ફરજ માટે સનદી અધિકારીઓની યાદી મોટા પ્રમાણમાં મોકલવાનું હવે બંધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભા તેમજ દેશના અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાતી હોઈ ત્યારે ચૂંટણી પંચ દ્વારા રાજ્યોમાંથી સનદી અધિકારીઓની ચૂંટણી ફરજ માટે માંગણી કરવામાં આવતી હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા સનદી અધિકારીઓના નામોની યાદી મોકલવામાં આવતી હોય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી ફરજ માટે રાજ્યમાંથી મોટા પ્રમાણમાં સનદી અધિકારીઓને મોકલવામાં આવતા હોય રાજ્યના યોજનાઓના અમલીકરણ અને વહીવટી કામગીરી પર ખુબ મોટી નકારાત્મક અસરો ઉભી થતી હોવાનું તારણ બહાર આવવા પામ્યું છે.

ભૂતકાળમાં વિધાનસભાની કે લોકસભાની ચૂંટણીઓની કામગીરી માટે ગુજરાતમાંથી મોટા પ્રમાણમાં સનદી અધિકારીઓના નામો મોકલવામાં આવ્યા હતા. જો કે આ યાદી હવે વધુ સમય અમલી રહેનાર નથી અને હવે ગુજરાત સરકાર દ્વારા આ રીતે મોટા પ્રમાણમાં સનદી અધિકારીઓના નામોની યાદી મોકલવાનું બંધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

● અનુસંધાન પાના - ૭ પર

# રાજ્યના જળાશયોમાં કુલ ૧૧૨૯૨.૮૮ મિ.મિ. ક્યુબિક મીટર જળરાશિનો સંગ્રહ

અમદાવાદ, તા. ૭

ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક અને સરેરાશ ૩૪ ટકા નોંધાયેલા વરસાદના કારણે રાજ્યના જળાશયોમાં જળરાશિની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. ફ્લડ કન્ટ્રોલ સેલમાંથી મળેલી વિગતો મુજબ આજે તા. ૭ જુલાઈ, ૨૦૧૩ની સ્થિતિએ સરદાર સરોવર બંધ સહિત રાજ્યના ૨૦૩ સિંચાઈ યોજનાઓના જળાશયોમાં ૧૧૨૯૨.૮૮ મિલિયન ક્યુબિક મિટર જળરાશિનો સંગ્રહ થયો છે, જે તેની કુલ સંગ્રહશક્તિના સરેરાશ ૫૩.૩૦ ટકા થાય છે. સરદાર સરોવર બંધ સિવાયના રાજ્યના જળાશયોમાં સરેરાશ ૬૪૯૨ મિલિયન ક્યુબિક મિટર્સ જળરાશી એટલે કે તેની કુલ સંગ્રહશક્તિના ૪૦.૭૭ ટકા જળરાશિનો સંગ્રહ થઈ ગયો છે. ચાલુ વર્ષે ૩૧મી મે ના રોજ સરદાર સરોવર સાથે રાજ્યના જળાશયોમાં કુલ ૯૩૭૪.૭૨ એમ.સી.એમ. જળરાશિ સંગ્રાહાયેલી હતી. તે ધ્યાનમાં લેતા ચાલુ વર્ષના રાજ્યના સાર્વત્રિક વરસાદના કારણે આજ સુધીમાં ૧૯૧.૧૬ એમ.સી.એમ. વધારાના પાણીનો સંગ્રહ થયો છે.

રાજ્ય જળાશયોની હાલની ઉપલબ્ધ જળરાશિની વિગતો જોઈએ તો સરદાર સરોવર બંધમાં ૪૮૦૦.૮૮ એમ.સી.એમ. (૯૧.૧૭ ટકા), ઉ. ગુજરાતના જળાશયોમાં ૩૬૯.૧૪ એમ.સી.એમ. (૧૯.૦૭ ટકા), મધ્ય ગુજરાતના જળાશયોમાં ૧૬૭૪.૭૩ એમ.સી.એમ. (૬૬.૪૧ ટકા), દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૩૯૮૩.૩૭ એમ.સી.એમ. (૪૬.૧૫ ટકા) કચ્છના જળાશયોમાં ૩૫.૫૮


● અનુસંધાન પાના - ૭ પર

## ઓનલાઈન જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૧૩-૧૪
## માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં. ૧, 'બી' બ્લોક, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર, પીન ૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૪૭ દ્વારા ઓનલાઈન ગાંધીનગર શહેરના સરકારી મકાનોની મરામત અને જાળવણીના કુલ ૭ (સાત) કામો રૂ. ૯.૯૯ લાખથી રૂ. ૩૬.૫૦ લાખ સુધીના 'બી-૧' ટેન્ડરથી રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો કે જે 'ઈ-૨' શ્રેણી અને ઉપરના કુલ-૩ કામ તથા 'ઈ-૧' શ્રેણી અને ઉપરના કુલ - ૪ કામો માટે ભાવો માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૬-૭-૨૦૧૩થી તા. ૨૨-૭-૨૦૧૩ના રોજ ૧૬.૦૦ કલાક સુધી જોવા મળી શકશે તેમજ ડાઉનલોડ કરી શકાશે. તા. ૨૩-૭-૨૦૧૩નાં રોજ ૧૨.૩૦ કલાકે ટેન્ડરો ઓનલાઈન કચેરીમાં ખોલવામાં આવશે તેમજ તા. ૨૩-૭-૨૦૧૩ થી તા. ૩૦-૭-૨૦૧૩નાં રોજ અસલમાં ટેન્ડર ફી તથા બાનાની રકમ આ કચેરીએ આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા તેમજ જરૂરી સુધારા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૭૧૭/૧૩-૧૪















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com